દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

રવિવાર ૦૬ સપ્ટેમ્બર, ૨૦૨૬

# હોર્મુઝમાંથી પસાર થતી ઈન્ટરનેટ કેબલ કપાઈ જાય તો શું થાય?

આજના ડિજિટલ યુગમાં ઇન્ટરનેટ માનવજીવનનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગયું છે. શિક્ષણ, બેન્કિંગ, વેપાર, સરકારી સેવાઓ, સંચાર, મનોરંજન અને આંતરરાષ્ટ્રીય વ્યવહાર–આ બધું મોટા પ્રમાણમાં ઇન્ટરનેટ પર આધારિત છે. આપણે સામાન્ય રીતે માનીએ છીએ કે ઇન્ટરનેટ હવામાંથી આવે છે અથવા માત્ર મોબાઇલ ટાવર અને સેટેલાઇટથી ચાલે છે, પરંતુ હકીકતમાં વિશ્વના મોટા ભાગના આંતરરાષ્ટ્રીય ઇન્ટરનેટ ડેટાનો પ્રવાહ સમુદ્રની અંદર પાથરવામાં આવેલા ફાઇબર-ઓપ્ટિક કેબલ દ્વારા થાય છે. આવી જ મહત્વપૂર્ણ કેબલો મધ્યપૂર્વના હોર્મુઝના સામુદ્રધુની વિસ્તારમાંથી પસાર થાય છે.

હોર્મુઝનું સામુદ્રધુની વિશ્વના સૌથી વ્યૂહાત્મક જળમાર્ગોમાંનું એક છે. પર્શિયન ગલ્ફને ઓમાનની ખાડી અને આગળ અરબી સમુદ્ર સાથે જોડતો આ માર્ગ માત્ર તેલ અને ગેસના પરિવહન માટે જ મહત્વપૂર્ણ નથી, પરંતુ સંચારના દૃષ્ટિકોણથી પણ તેનું વિશેષ મહત્વ છે. જો આ વિસ્તારમાંથી પસાર થતી મહત્વપૂર્ણ સમુદ્રી ઇન્ટરનેટ કેબલોમાં ગંભીર નુકસાન થાય અથવા તે કપાઇ જાય, તો તેની અસર માત્ર મધ્યપૂર્વ પૂરતી સીમિત ન રહે, પરંતુ અનેક દેશોના ઇન્ટરનેટ અને ડિજિટલ સેવાઓ પર પડી શકે છે.

સૌથી પ્રથમ અસર ઇન્ટરનેટની ઝડપ અને સ્થિરતા પર થઇ શકે છે. કોઇ એક કેબલ કપાઇ જાય ત્યારે સામાન્ય રીતે આખું ઇન્ટરનેટ બંધ થઇ જતું નથી. ઇન્ટરનેટનું માળખું અનેક કેબલો, રૂટ અને ડેટા સેન્ટરોનું વિશાળ નેટવર્ક છે. તેથી ડેટાને અન્ય ઉપલબ્ધ કેબલ અથવા વૈકલ્પિક માર્ગ પરથી મોકલવામાં આવે છે. પરંતુ જો કોઇ વિસ્તારમાંથી પસાર થતી એક કરતાં વધુ મહત્વપૂર્ણ કેબલને નુકસાન થાય, તો બાકી રહેલા રૂટ પર ટ્રાફિકનો ભારે ભાર આવી શકે છે. પરિણામે ઇન્ટરનેટ ધીમું થઇ શકે, વેબસાઇટ ખૂલવામાં વધુ સમય લાગી શકે અને કનેક્શન વારંવાર તૂટી શકે.

મધ્યપૂર્વના દેશોમાં તેની અસર ખાસ કરીને ગંભીર બની શકે છે. ઇન્ટરનેશનલ ડેટા ટ્રાફિકના કેટલાક માર્ગો ચોક્કસ સમુદ્રી કેબલો પર આધારિત હોય છે. કેબલ કપાઇ જવાથી ટેલિકોમ કંપનીઓને ટ્રાફિકને વૈકલ્પિક માર્ગે વાળવો પડે છે. આ પ્રક્રિયાને રીરાઉટિંગ કહી શકાય. જો વૈકલ્પિક માર્ગોની ક્ષમતા પૂરતી ન હોય તો નેટવર્કમાં ભીડ વધી શકે છે.

આવી પરિસ્થિતિમાં સામાન્ય લોકોના દૈનિક જીવન પર પણ અસર પડી શકે છે. WhatsApp, Telegram, Instagram, You-Tube જેવી ઓનલાઇન સેવાઓ ધીમી પડી શકે છે. વિડિયો કોલમાં અવાજ અને ચિત્ર અટકી શકે છે. ઓનલાઇન ગેમિંગમાં લેગ વધી શકે છે. ક્લાઉડ આધારિત એપ્લિકેશનોનો ઉપયોગ મુશ્કેલ બની શકે છે. જોકે કઇ સેવા કેટલી અસરગ્રસ્ત થશે તે તેના સર્વર ક્યાં છે, ડેટા કયા માર્ગે મુસાફરી કરે છે અને સેવા પ્રદાતા પાસે કેટલા વૈકલ્પિક નેટવર્ક રૂટ છે તેના પર આધાર રાખે છે.

બેન્કિંગ અને નાણાકીય વ્યવસ્થાઓ પર પણ અસર થવાની શક્યતા રહે છે. આજકાલ ઓનલાઇન બેન્કિંગ, ડિજિટલ પેમેન્ટ, શેરબજાર અને આંતરરાષ્ટ્રીય વેપાર માટે ઝડપી અને વિશ્વસનીય ઇન્ટરનેટ જરૂરી છે. જો નેટવર્કમાં ભારે વિક્ષેપ સર્જાય તો ટ્રાન્ઝેક્શન ધીમા પડી શકે અથવા કેટલીક ઓનલાઇન સેવાઓ અસ્થાયી રીતે ઉપલબ્ધ ન રહે. જોકે બેન્કો અને મોટા નાણાકીય સંસ્થાઓ સામાન્ય રીતે બેકઅપ નેટવર્ક અને વૈકલ્પિક કનેક્શન રાખે છે, તેથી સંપૂર્ણ નાણાકીય વ્યવસ્થા બંધ થઇ જવાની શક્યતા સામાન્ય રીતે ઓછી હોય છે.

વ્યવસાય ક્ષેત્રે પણ તેની મોટી અસર થઇ શકે છે. આજના સમયમાં ઘણી કંપનીઓ ક્લાઉડ સર્વિસ, રિમોટ વર્ક, ઓનલાઇન મીટિંગ અને આંતરરાષ્ટ્રીય ડેટા ટ્રાન્સફર પર આધારિત છે. ઇન્ટરનેટ કનેક્ટિવિટીમાં મોટો વિક્ષેપ આવે તો કંપનીઓની કામગીરી ધીમી પડી શકે છે. આંતરરાષ્ટ્રીય ગ્રાહકો સાથે વાતચીત, પેમેન્ટ, સપ્લાય ચેઇન મેનેજમેન્ટ અને ડિજિટલ સેવાઓમાં વિલંબ થઇ શકે છે.

આ ઉપરાંત સરકારી અને જાહેર સેવાઓ પણ અસરગ્રસ્ત થઇ શકે છે. ઇ-ગવર્નન્સ, ઓનલાઇન અરજીઓ, ડિજિટલ દસ્તાવેજો અને અન્ય ઓનલાઇન સેવાઓ માટે સતત કનેક્ટિવિટી જરૂરી છે. સંકટની પરિસ્થિતિમાં સંચાર વ્યવસ્થા વધુ મહત્વપૂર્ણ બની જાય છે. તેથી સરકારો અને ટેલિકોમ કંપનીઓ માટે બેકઅપ સંચાર માર્ગો રાખવા અત્યંત જરૂરી છે.

હોર્મુઝ વિસ્તારમાં ઇન્ટરનેટ કેબલ કપાવાની ઘટનાનો બીજો મહત્વપૂર્ણ પાસો ભૂરાજકીય છે. હોર્મુઝનું સામુદ્રધુની પહેલેથી જ આંતરરાષ્ટ્રીય રાજકારણ અને ઊર્જા સુરક્ષા માટે સંવેદનશીલ વિસ્તાર છે. જો અહીં સંચાર કેબલને નુકસાન થાય, તો તેનું કારણ અકસ્માત, કુદરતી ઘટના, જહાજની પ્રવૃત્તિ અથવા ઇરાદાપૂર્વકની તોડફોડ હોઇ શકે છે. કારણ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી બજારમાં અનિશ્ચિતતા ઊભી થઇ શકે છે અને દેશો વચ્ચે રાજદ્વારી તણાવ પણ વધી શકે છે.

કેબલ કપાયા પછી તેને તરત જ જોડવી પણ સરળ બાબત નથી. સમુદ્રની અંદરની કેબલ શોધવા માટે વિશેષ સાધનો અને જહાજોની જરૂર પડે છે. કેબલના નુકસાનનું ચોક્કસ સ્થાન શોધ્યા પછી વિશેષ રિપેર શિપ ત્યાં પહોંચે છે. ત્યારબાદ કેબલને સમુદ્રમાંથી બહાર કાઢીને નુકસાનગ્રસ્ત ભાગ બદલવામાં આવે છે અને ફરીથી સમુદ્રમાં મૂકવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં પરિસ્થિતિ અને સ્થળ પ્રમાણે દિવસો અથવા તેનાથી વધુ સમય લાગી શકે છે.

અહીં સેટેલાઇટ ઇન્ટરનેટની ભૂમિકા પણ મહત્વપૂર્ણ બને છે. જો સમુદ્રી કેબલમાં મોટો વિક્ષેપ આવે તો સેટેલાઇટ આધારિત સંચાર કેટલીક સેવાઓ માટે વૈકલ્પિક માર્ગ બની શકે છે. પરંતુ સેટેલાઇટ નેટવર્ક વિશ્વના તમામ આંતરરાષ્ટ્રીય ડેટા ટ્રાફિકને તરત જ સમાવી લે તેવી ક્ષમતા ધરાવે છે એવું માનવું યોગ્ય નથી. તેથી સમુદ્રી ફાઇબર-ઓપ્ટિક કેબલનું મહત્વ હજુ પણ ખૂબ વધારે છે.

આ ઘટનામાંથી એક મોટો પાઠ એ મળે છે કે ઇન્ટરનેટ એક અદૃશ્ય પરંતુ અત્યંત જટિલ વૈશ્વિક માળખું છે. આપણે મોબાઇલમાં એક ક્લિક કરીએ છીએ અને સેકન્ડોમાં માહિતી દુનિયાના બીજા છેડે પહોંચી જાય છે, પરંતુ તેની પાછળ હજારો કિલોમીટર લાંબા સમુદ્રી કેબલ, ડેટા સેન્ટર, રાઉટર અને નેટવર્ક સિસ્ટમ કાર્યરત હોય છે.


અંતમાં કહી શકાય કે હોર્મુઝમાંથી પસાર થતી મહત્વપૂર્ણ ઇન્ટરનેટ કેબલ કપાઇ જાય તો આખું વિશ્વનું ઇન્ટરનેટ એકસાથે બંધ થઇ જશે એવું નથી. પરંતુ ચોક્કસ દેશો અને પ્રદેશોમાં ઇન્ટરનેટની ઝડપ, વિશ્વસનીયતા અને વિવિધ ડિજિટલ સેવાઓ પર ગંભીર અસર થઇ શકે છે. જો એકસાથે અનેક કેબલને નુકસાન થાય તો સમસ્યા વધુ ગંભીર બની શકે છે. તેથી ભવિષ્યમાં દેશો અને ટેલિકોમ કંપનીઓએ વૈકલ્પિક સમુદ્રી કેબલ રૂટ, જમીની નેટવર્ક, સેટેલાઇટ કનેક્ટિવિટી અને મજબૂત બેકઅપ વ્યવસ્થામાં રોકાણ કરવું જરૂરી છે.

આજના સમયમાં ઇન્ટરનેટ માત્ર સુવિધા નથી, પરંતુ વૈશ્વિક અર્થતંત્ર અને સમાજની જીવનરેખા બની ગયું છે. હોર્મુઝ જેવી વ્યૂહાત્મક જગ્યાએ સંચાર કેબલોની સુરક્ષા એટલે માત્ર ઇન્ટરનેટની સુરક્ષા નહીં, પરંતુ વેપાર, સંચાર, નાણાકીય વ્યવસ્થા અને રાષ્ટ્રીય સુરક્ષાની પણ સુરક્ષા.

## ખેડૂતની મહેનત

એક ગામમાં રામજી નામનો ભોળો ખેડૂત રહેતો હતો. તેના પિતરાઇ ભાઇઓએ ચાલાકી કરી સુકી અને પથરાળ જમીન તેને ભાગમાં આપી દીધી અને હરિયાળી જમીન પોતે વહેંચી લીધી. રામજીને આ ચાલાકી ન સમજાઇ એટલે બધા તેની મજાક ઉડાડતા પણ રામજી તો પોતાની જમીન સૂકી અને પથરાળ હતી, છતાં તે પોતાની જમીન પર રોજ મહેનત કરતો. ગામલોકો તેને હસી કાઢતા, ‘આ જમીનમાં કંઈ નહીં ઊગે, નકામી મહેનત છે.’

રામજી ચૂપચાપ સાંભળતો અને કામ ચાલુ રાખતો. તે રોજ સવારે વહેલો ઊઠી જમીન પર જીને જમીન ખોદતો રહેતો તેણે એકલે હાથે આખી જમીન ખોદી નાખી પછીતે રોજ સવારે વહેલો ઊઠી પાણી લાવતો અને ખોદેલી જમીનમાં પાણી નાખતો રહેતો. થોડો વખત તેણે જમીન ખોદવાનું અને માટીને ભીની કરવાનું કામ કર્યું.



ચાર્જિંગ પોઇન્ટ
હેતા ભૂષણ

પછી તેણે માટી ખોદી, બી વાવ્યા. પણ બહુ કઇ ઊગ્યું નહિ, બીજા વર્ષે ફરી તેણે આ મહેનત કરી માટી ખોદી, રોજ પાણી નાખ્યું આખું વર્ષ વીત્યું ત્રીજા વર્ષે તેની જમીનમાં લીલોછમ પાક ઊગ્યો, જ્યારે બીજા ખેડૂતોના ખેતરો કરતા પણ વધારે સારો પાક રામજીની જમીનમાં ઉગ્યો કારણ કે રામજીએ રોજ માટી ખોદી ખોદીને રોજ પાણી નાખી નાખીને જમીનમાં ઊંડે સુધી પાણી પહોંચાડયું હતું. અને તેના ફળ રૂપે જ તેની સુકી પથરાળ જમીનમાં આજે ભરપુર પાક લહેરાતો હતો.

ગામલોકોએ પૂછ્યું, ‘તને કેમ ખબર પડી કે આમ કરવાથી તારી પથરાળ જમીનમાં પણ પાક ઉગશે?’

રામજીએ સ્મિત કરી કહ્યું, ‘મને ખબર નહોતી પણ હા, મારા પિતાજી કહેતા કે જમીનને હંમેશા સાફ અને ભીની રાખવી તું જમીનને જાળવીને રાખીશ તો તે તને જાળવશે અને એમ જ થયું. મને કઇ ખબર ન હતી પણ મેં પિતાજીની વાત યાદ રાખી સતત મહેનત કરી, જમીન ખોદી ખોદીને ભીની કરતો જ રહ્યો અને મને આમ કરવાથી પાક ઉગશે જ તેવી ખબર ન હતી. પણ મને ખબર હતી કે કઇ ન કરવાથી તો કંઇ નહીં થાય.’

ભોળા રામજીની વાત આપણને સમજાવે છે કે સારા પરિણામની ખાતરી ન હોય તો પણ, અટક્યા વિના સતત પ્રયત્ન કરતા રહેવું એ જ સફળતાનો સાચો રસ્તો છે.

# નેપાળના વિનાશક પૂર: ભારત માટે મહત્ત્વપૂર્ણ પાઠ

તાજેતરમાં નેપાળની સરહદ અને હિમાલયી ક્ષેત્રોમાં આવેલા ભીષણપૂર અને આકસ્મિક જળપ્રલયે ભારે તારાજી સર્જી છે. આ કુદરતી આપત્તિ માત્ર નેપાળ પૂરતી સીમિત ન રહેતા તેની વ્યાપક અસરો ભારત સહિતના પડોશી દેશો પર પણ જોવા મળી છે. આ દુર્ઘટનામાંથી ભારત અને ઉપખંડના અન્ય દેશોએ ભવિષ્ય માટે ગંભીર બોધપાઠ લેવાની જરૂર છે.

નેપાળ-તિબેટ સરહદ નજીક ભોતે કોશી અને લેન્ડે-ત્રિશૂળ નદી પ્રણાલીના વિસ્તારોમાં ગ્લેશિયર તૂટવાથી અચાનક બરફ, પાણી અને કાટમાળનો પ્રચંડ પ્રવાહ છૂટ્યો હતો. આ અચાનક આવેલા ઘાતક પૂરને કારણે અનેક રસ્તાઓ, પુલો, મકાનો અને હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સ નાશ પામ્યા હતા. આ દુર્ઘટનામાં મોટા પ્રમાણમાં જાનહાનિ થઈ છે અને સેંકડો લોકો લાપતા થયા છે, જેમાં કૈલાશ માનસરોવરની યાત્રાએ ગયેલા તેમજ સ્થાનિક પ્રવાસીઓ પણ સામેલ છે.

આ ગંભીર આપત્તિની સીધી અસર ભારતના સરહદી વિસ્તારો અને ત્યાંના નાગરિકો પર પણ પડી છે. ભારતીય દૂતાવાસ દ્વારા સતત સંકલન જાળવવામાં આવી રહ્યું છે. ભારતે તાત્કાલિક ધોરણે ભારતીય વાયુસેના (IAF)ના વિમાનો દ્વારા ટેન્ટ, ધાબળા, તબીબી સાધનો, દવાઓ, જનરેટર અને રાહત સામગ્રી નેપાળ મોકલીને માનવીય અભિગમ દાખવ્યો છે.

નેપાળથી વહેતી નદીઓના જળસ્તર પર કેન્દ્રીય જળ આયોગ (CWC) અને રાષ્ટ્રીય આપત્તિ અનામત દળ (NDRF) દ્વારા નજર રાખવામાં આવી રહી છે. બિહાર અને ઉત્તર પ્રદેશના સંવેદનશીલ સરહદી વિસ્તારોમાં NDRFની ટીમોને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે સૌથી મહત્વની બાબત એ છે કે આ આપત્તિમાંથી આપણે શું શીખવું જોઈએ?

૧. આબોહવા પરિવર્તન અને ગ્લેશિયર પર નજર: વૈશ્વિક તાપમાન વધવાને કારણે હિમાલયના ગ્લેશિયર્સ ઝડપથી પીગળી રહ્યા છે અથવા અસ્થિર થઈ રહ્યા છે. સરહદ પારના ગ્લેશિયર અને પર્વતીય જળાશયોની સ્થિતિ જાણવા માટે ભારત અને નેપાળે સંયુક્ત રીતે અદ્યતન અર્લી વોર્નિંગ સિસ્ટમ વિકસાવવી અનિવાર્ય છે.

૨. નદી કિનારાની અનિયંત્રિત પ્રવાસન કે વ્યાપારી રચનાઓ: નદીઓની સાંકડી ખીણો અને પ્રવાહના માર્ગો પર વધતું જતું સિમેન્ટ-કોંક્રીટનું બાંધકામ અને હોટલો-પ્રોજેક્ટ્સ કુદરતી આપત્તિઓને વધુ વિનાશક બનાવે છે. પર્વતીય ક્ષેત્રોમાં ટકાઉ અને જોખમમુક્ત વિકાસ નીતિઓ અપનાવવી જરૂરી છે.

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

**ભારતે તાત્કાલિક ધોરણે ભારતીય વાયુસેના (IAF)ના વિમાનો દ્વારા ટેન્ટ, ધાબળા, તબીબી સાધનો, દવાઓ, જનરેટર અને રાહત સામગ્રી નેપાળ મોકલીને માનવીય અભિગમ દાખવ્યો છે**

૩. દ્વિપક્ષીય સહકાર અને ડેટા શેરિંગ: હિમાલયમાંથી વહેતી નદીઓ અને પૂરના પ્રકોપથી બચવા માટે ભારત, નેપાળ અને ચીન વચ્ચે રીયલ-ટાઈમ ડેટા શેરિંગ અને આપત્તિ વ્યવસ્થાપન માટે મજબૂત પ્રાદેશિક સહયોગ હોવો જોઈએ, જેથી નીચેવાસના વિસ્તારોમાં સમયસર એલર્ટ આપી શકાય. આ પ્રકારની કુદરતી આપત્તિઓ માત્ર હિમાલય પૂરતી મર્યાદિત નથી, પરંતુ વૈશ્વિક સ્તરે આબોહવા પરિવર્તનને કારણે ભવિષ્યમાં આવી ઘટનાઓનું જોખમ અનેકગણું વધી ગયું છે. હિન્દુકુશ-હિમાલય ઉપરાંત એન્ડીઝ પર્વતમાળા તથા આફ્રિકાના વેંઝોરી (Rwenzori) ક્ષેત્રોમાં પણ ગ્લેશિયર પીગળવાથી અને અસ્થિર હિમનદીઓ અથવા ગ્લેશિયર લેક આઉટબર્સ્ટ ફ્લડ (GLOF) જેવી ઘટનાઓ અવારનવાર સર્જાવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે. વિશ્વભરમાં અતિસંવેદનશીલ પર્વતીય ક્ષેત્રોમાં વસતા કરોડો લોકો આ જોખમના દાયરામાં છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રોસ-બોર્ડર ડેટા શેરિંગ, વૈજ્ઞાનિક સહકાર અને મજબૂત નીતિઓ ઘડવી અનિવાર્ય બની ગઈ છે. આ દુર્ઘટના ફરી એકવાર એ યાદ અપાવે છે કે કુદરતની પ્રચંડ તાકાત સામે સરહદો કેવળ રેખાઓ છે, અને આ પ્રકારના જોખમોનો સામનો કરવા માટે પડોશી દેશોએ પરસ્પર સહયોગ અને વૈજ્ઞાનિક સજ્જતા સાથે મળીને કામ કરવું પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનોનો એક સંક્ષિપ્ત ઈતિહાસ

જુલાઈની શરૂઆતમાં જ્યારે જંતર મંતર ખાતે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો આકાર લઈ રહ્યા હતા ત્યારે ટીએમસીના સાંસદ મહુઆ મોઈત્રા એવા પ્રથમ રાજકારણીઓમાંના એક હતા જેમણે વ્યક્તિગત રીતે હાજર રહીને પોતાનું સમર્થન જાહેર કર્યું હતું. ત્રણ અઠવાડિયા પછી જ્યારે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યું ત્યારે મોઈત્રાએ ‘આ ફાંસીવાદી, અહંકારી સરકારને ઘૂંટણિયે લાવીને’ ‘ભારતીય લોકશાહીને બચાવવા’ બદલ યુવા પેઢીનો આભાર માન્યો હતો. આ એક એવું કામ હતું જે વિરોધ પક્ષો છેલ્લાં બાર વર્ષમાં કરી શક્યા ન હતા.

મહુઆ મોઈત્રાના આ પ્રશંસાપાત્ર શબ્દો યોગ્ય હતા. શિક્ષણ મંત્રીનું રાજીનામું, ગૃહમંત્રીની સંસદમાંથી લાંબા સમયની ગેરહાજરી, ભાજપના કેટલાક વરિષ્ઠ હોદ્દેદારોની હકાલપટ્ટી અને - મુખ્યત્વે - વડા પ્રધાનના અણઘડ મોડી રાતના વીડિયો, આ બધું એક એવા શાસનની સાક્ષી પૂરે છે જેની પરંપરાગત અહંકારી નીતિ (ઓછામાં ઓછું થોડા સમય માટે) નબળાઈ અને મૂંઝવણમાં ફેરવાઈ ગઈ હતી.

‘ભારત છોડો’ આંદોલનનું એક લક્ષણ યુવા મહિલાઓ દ્વારા ભજવવામાં આવેલી ગતિશીલ ભૂમિકા હતી. બોમ્બે યુનિવર્સિટીની વિદ્યાર્થિની ઉષા મહેતાની ઉત્સાહવર્ધક વાર્તા, જેમણે ભૂગર્ભ ‘કોંગ્રેસ રેડિયો’નું આયોજન કરવામાં મદદ કરી હતી, તેનું ઉષા ઠક્કરના એક ઉત્કૃષ્ટ પુસ્તકમાં દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. પરંતુ તેના સિવાય અન્ય અગત્યના (ભલે હવે ઓછા જાણીતા) ઉદાહરણો પણ હતા. આર્કાઈવ્સમાંથી મને મળી આવેલી એક ફાઈલ, જેનું શીર્ષક કર્ણાટક ઈન રિવોલ્ટ (બળવામાં કર્ણાટક) છે, તે વર્ણવે છે કે ભારતના આ ભાગમાં આંદોલનનું ‘સૌથી અદ્ભુત લક્ષણ’ વિદ્યાર્થી સમુદાયનો પ્રતિસાદ હતો, જેમણે બેલગામ, ગડગ, બેંગલોર, મૈસૂર, મંગલોર, બીજાપુર, બેલ્લારી, શિરસી અને અન્ય સ્થળોએ બહિષ્કાર અને હડતાળનું આયોજન કર્યું હતું.

આઝાદી પહેલાંના દાયકાઓમાં વિદ્યાર્થીઓ સામાજિક અને રાજકીય ચળવળોમાં સક્રિય હતા. ભારતે સંસ્થાનવાદી શાસનમાંથી મુક્તિ મેળવી તે પછીના વર્ષોનું શું? ૧૯૬૮માં અમેરિકન વિદ્વાન ફિલિપ જી. અલ્ટબાચે ‘ટરમોઈલ એન્ડ ટ્રાન્ઝિશનઃ હાયર એજ્યુકેશન એન્ડ સ્ટુડન્ટ પોલિટિક્સ ઈન ઈન્ડિયા’ શીર્ષક ધરાવતું પુસ્તક સંપાદિત કર્યું. તેમની પ્રસ્તાવનામાં અલ્ટબાચે નોંધ્યું હતું કે, જ્યારે ‘વિદ્યાર્થીઓએ સ્વતંત્રતાની લડતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી’, પરંતુ ૧૯૪૭ પછી ‘મોટા ભાગના વિદ્યાર્થી આંદોલનો સીધા રાજકીય રહ્યા નથી, પરંતુ બિન-વિચારધારાકીય મુદ્દાઓ સાથે સંબંધિત રહ્યા છે’. આ પુસ્તકના કેસ સ્ટડીઝમાં ૧૯૬૦ના દાયકામાં વિદ્યાર્થીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા ‘બિન-વિચારધારાકીય મુદ્દાઓ’ની તપાસ કરવામાં આવી હતી, જેમાં ઊંચી ફી અને હોસ્ટેલની નબળી સુવિધાઓ સિવાય સંગીત અને થિયેટર જેવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થતો હતો.

આ પુસ્તકના પ્રકાશનના એક વર્ષની અંદર જ વિદ્યાર્થીઓએ રાજકારણમાં પુનઃપ્રવેશ કર્યો અને અલગ તેલંગાણા રાજ્ય માટેના આંદોલનમાં મોટી ભૂમિકા ભજવી, જે ૧૯૬૯માં શરૂ થયું હતું. જોકે, તે લાંબા સમય પછી સાકાર થયું હતું. આઝાદી પછીના ભારતમાં આ ત્રણ પ્રાદેશિક ચળવળોમાંથી એક હતી જેમાં વિદ્યાર્થીઓએ નોંધપાત્ર ભાગ લીધો હતો.આ તમામ સંઘર્ષો હાલમાં ચાલી રહેલી ચળવળનો એક અપ્રગટ પૂર્વ-ઈતિહાસ છે. જોકે, ભૂતકાળનું સૌથી સ્પષ્ટ ઉદાહરણ ૧૯૭૦ના દાયકાના મધ્યમાં ‘જેપી આંદોલન’ છે, જેમાં વિદ્યાર્થીઓએ આવી અગ્રણી ભૂમિકા ભજવી હતી. તેમના પુસ્તક ‘પ્રોટેસ્ટ મૂવમેન્ટ્સ ઈન ટૂ ઈન્ડિયન સ્ટેટ્સ’માં ઘનશ્યામ શાહે ગુજરાત અને બિહારમાં થયેલા વિરોધ પ્રદર્શનોના ક્રમનું કાળજીપૂર્વક દસ્તાવેજીકરણ કર્યું છે. બંને રાજ્યોમાં વિદ્યાર્થીઓએ આગવી ભૂમિકા ભજવી હતી. ગુજરાતમાં કોંગ્રેસના મુખ્યમંત્રી ચિમનભાઈ પટેલ વ્યાપકપણે ભ્રષ્ટ માનવામાં આવતા હતા, જે યુવાનોના ગુસ્સાનું મુખ્ય નિશાન બન્યા હતા. વિદ્યાર્થીઓએ ચિમનભાઈનું રક્ષણ કરવા માટે અને ભાવવધારો રોકવામાં અસમર્થ રહેવા બદલ તત્કાલીન વડા પ્રધાન ઈન્દિરા ગાંધી પર હુમલો કર્યો હતો. આ વિરોધ પ્રદર્શનો કોઈ પણ રીતે અહિંસક ન હતા, જેમાં સરકારી મિલકતો પર હુમલા અને દુકાનોની લૂંટફાટ સામેલ હતી.

શાહ લખે છે કે, ગુજરાતની જેમ જ 1970ના ‘બિહાર આંદોલનમાં પણ વિદ્યાર્થીઓ સૌથી આગળ હતા. જોકે, ગુજરાતથી વિપરીત, બિહારમાં એક વયસ્ક વ્યક્તિએ મુખ્ય નેતૃત્વની ભૂમિકા ભજવી હતી. આ જયપ્રકાશ નારાયણ હતા. શાહ નોંધે છે તેમ, ‘ગરીબો માટેની તેમની ચિંતા, તેમનું નૈતિક વલણ, તેમની સાદગી અને નમ્રતા’, આ બધાએ આ અનુભવી સ્વતંત્રતા સેનાનીના પ્રભાવમાં યોગદાન આપ્યું. જેપીએ વિદ્યાર્થીઓને ‘લોકશાહી બચાવવા’ એક વર્ષ માટે અભ્યાસ છોડી દેવાની અપીલ કરી. તેમના આહવાન પર એકઠા થયેલા વિદ્યાર્થીઓમાં જમણેરી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી)ના સભ્યો સામેલ હતા, પરંતુ ઘણા યુવાન સમાજવાદી કાર્યકરો પણ હતા.

વર્તમાન વિદ્યાર્થી આંદોલન એક નોંધપાત્ર રીતે જેપી આંદોલન સાથે સામ્યતા ધરાવે છે. બંનેના મુખ્ય નિશાના સરમુખત્યારશાહી અને વ્યક્તિપૂજા રહ્યા છે, જેનું પ્રતિનિધિત્વ ૧૯૭૦ના દાયકામાં ઈન્દિરા ગાંધી અને તેમની પાર્ટી દ્વારા અને અત્યારે નરેન્દ્ર મોદી અને તેમની પાર્ટી દ્વારા કરવામાં આવ્યું છે. આમ છતાં મોટા તફાવતો પણ છે. એ સમયે એબીવીપી શાસક શાસનની વિરુદ્ધ હતી; હવે તે મજબૂત રીતે શાસક શાસનની સાથે ઊભી છે. એવું પણ લાગે છે કે, જેપી આંદોલનની સરખામણીમાં વર્તમાન વિરોધ પ્રદર્શનોમાં મહિલા વિદ્યાર્થીઓ વધુ દૃશ્યમાન હતી, તેમનો આદર્શવાદ અને સાહસ ૧૯૪૨ના મહિલા સત્યાગ્રહીઓની યાદ અપાવે છે.

સમયાંતર
રામચંદ્ર ગુહા

**એમ કહેવું અત્યારે વહેલું હશે કે, વિદ્યાર્થી કોકરોચએ અત્યાર સુધી જે જુસ્સો પેદા કર્યો છે તે સતત જળવાઈ રહેશે કે કેમ?**

૧૯૭૦ના દાયકાના આંદોલને ખુદને સ્વાતંત્ર્યના બીજા સંગ્રામ તરીકે રજૂ કર્યો હતો, જે હેતુ પ્રથમ સંગ્રામના અસફળ વચનોને પૂરા કરવાનો હતો. જ્યાં સુધી તેણે એકપક્ષીય શાસનનો અંત આણવામાં મદદ કરી અને લોકશાહીનો નવો પવન ફૂંક્યો ત્યાં સુધી આ ચળવળ સફળ રહી. બીજી તરફ, જેપી આંદોલને હિંદુત્વના દળોને પણ વૈધતા આપી, જેમણે તે પછીના વર્ષોમાં સતત સત્તા અને પ્રભાવ એકઠા કર્યા છે. સારી વાત એ છે કે, આજના વિદ્યાર્થી નેતાઓ સરમુખત્યારશાહી અને ધાર્મિક કટ્ટરતા બંનેનો દૃઢપણે વિરોધ કરે છે. તેમના દ્વારા આંબેડકર, ગાંધી અને નેહરુ - આ બધાનો એકસાથે ઉલ્લેખ સૂચવે છે કે તેઓ તેમની ચળવળને ત્રીજા સ્વાતંત્ર્ય સંગ્રામ તરીકે જુએ છે, જેનો હેતુ પ્રથમ અને બીજી આઝાદીના અસફળ વચનોને પૂરા કરવાનો છે.આગામી વર્ષોમાં આ આદર્શો કેટલે અંશે સાકાર થશે તેનો આધાર અસંખ્ય વ્યક્તિઓ અને સંગઠનોનાં કાર્યો પર રહેશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સુરત એરપોર્ટને ધમધમતું બનાવવા કાયમી ઉકેલ જરૂરી

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી સુરતથી નવી મુંબઈની ફ્લાઈટનું બુકિંગ શરૂ થયું છે, પરંતુ નવી મુંબઈથી મુંબઈ આવવા-જવામાં મુસાફરોનો ઘણો સમય બગડી શકે છે. સુરતથી સીધી છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટની ફ્લાઈટ શરૂ થાય તો વિદેશ જતાં મુસાફરોને કનેક્ટિંગ ફ્લાઈટ મેળવવામાં મોટી સુવિધા થાય. થોડા મહિના પહેલાં દમણથી મુંબઈની સીધી ફ્લાઈટ શરૂ થઈ શકે છે, તો સુરતથી કેમ નહીં? ઉદ્યોગનગરી સુરતને આવી સુવિધાથી વંચિત રાખવી યોગ્ય નથી.

સાંસદ મુકેશભાઈ દલાલે પણ લોકસભામાં સુરતના હવાઈ જોડાણ અને વિકાસ માટે વિસ્તૃત રજૂઆત કરી છે. સુરત એરપોર્ટ માટે થોડા-થોડા સમયાંતરે રજૂઆત કરવી પડે તે દુઃખદ છે. હવે કાયમી ઉકેલ જરૂરી છે.

હાલ દુબઈની નિયમિત ફ્લાઈટ શરૂ થઈ છે તે આવકારદાયક છે. શારજાહ અને બેંગકોકની ફ્લાઈટ પણ ઓક્ટોબરના અંત સુધીમાં શરૂ થવાની શક્યતા છે. આ ફ્લાઈટો કાયમી રહે તે જરૂરી છે. સાથે જ ટૂંકા ગાળામાં સિંગાપોર માટે સીધી ફ્લાઈટ શરૂ કરવા રજૂઆત થવી જોઈએ.

આગામી સમયમાં અયોધ્યા, જયપુર અને હૈદરાબાદ જેવા શહેરો માટે પણ સીધી ફ્લાઈટો શરૂ થાય, ફ્લાઈટોની સંખ્યા વધે અને એરપોર્ટ ૨૪ કલાક કાર્યરત રહે તેવી સુરતીઓની અપેક્ષા છે.

**સુરત - ચેતન અમીન**

## શિક્ષક: સમાજ ઘડતરનો સાચો શિલ્પી

સમાજના વિકાસ અને રાષ્ટ્રના ઘડતરમાં શિક્ષકની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. શિક્ષક માત્ર પુસ્તકનું જ્ઞાન આપતા નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં સંસ્કાર, શિસ્ત, નૈતિકતા અને માનવતાના મૂલ્યોનું સિંચન કરે છે. આજના ડિજિટલ અને ટેકનોલોજીના યુગમાં જ્ઞાન આંગળીના ટેરવે ઉપલબ્ધ બન્યું છે, જે માહિતી આપી શકે છે, પરંતુ સંસ્કાર, સંવેદનશીલતા અને જીવંત પ્રેરણા આપી શકતી નથી. તેથી શિક્ષકનું જ્ઞાન, માર્ગદર્શન આજે પણ અનિવાર્ય છે.

શિક્ષકનું કાર્ય વર્ગખંડ પૂરતું સીમિત નથી. જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મદદ, સામાજિક જાગૃતિ જેવી પ્રવૃત્તિઓ દ્વારા અનેક શિક્ષકો સમાજમાં પરિવર્તન લાવી રહ્યા છે. તેમના સંસ્કારો વિદ્યાર્થીઓ મારફતે પરિવાર અને સમગ્ર સમાજ સુધી પહોંચે છે. આજે જ્યારે સમાજ ભૌતિકવાદ અને સ્પર્ધાની દોડમાં આગળ વધી રહ્યો છે.

ત્યારે યુવા પેઢીને સાચા-ખોટાનો ભેદ સમજાવનાર અને સામાજિક જવાબદારી તથા દેશપ્રેમની ભાવના જગાવનાર શિક્ષકની જરૂરિયાત વધુ અનુભવાઈ શકાય છે. તેથી શિક્ષકને માત્ર ‘ભણાવનાર’ નહીં, પરંતુ સમાજ ઘડતરનો શિલ્પી અને રાષ્ટ્રની બૌદ્ધિક-નૈતિક તાકાત તરીકે જોવો જોઈએ.

જો આપણે સ્વસ્થ, પ્રગતિશીલ અને સંસ્કારી સમાજનું નિર્માણ કરવું હોય, તો શિક્ષકને યોગ્ય મોભો અને આદર આપવો અનિવાર્ય છે. અને શિક્ષકનું સન્માન એ માત્ર એક વ્યક્તિનું સન્માન નથી, પરંતુ સંસ્કારી સમાજ અને મજબૂત રાષ્ટ્રના નિર્માણમાં શિક્ષણની શક્તિનું સન્માન છે.

**સુરત - સંદીપ માંગુકિયા**

## બેન્ક લોનની ચુકવણીમાં માંડવાળનો અકલ્પનીય કિસ્સો

ઝી ટીવીના કર્તાહર્તા સુભાષ ચંદ્રા ગોયલની આશરે રૂ. ૨૦૦૦ કરોડની લોનનું એનસીએલટી (નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ) દ્વારા થયેલું સેટલમેન્ટ હાલમાં ચર્ચાનો વિષય બન્યું છે. સામાન્ય રીતે નાના વેપારી, ઉદ્યોગપતિ કે સામાન્ય માણસ લોનના હપ્તા ભરવામાં ચૂક કરે તો બેન્ક તાત્કાલિક નોટિસ, ઉઘરાણી અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરે છે. જરૂર પડે તો લોન સામે મુકાયેલી મિલકત કે અન્ય સિક્યોરિટી જપ્ત કરી લેણું વસૂલવાનો પ્રયાસ થાય છે.

નાના દેવાદારોના કિસ્સામાં દેવાની મોટી રકમ માફ થવાના કિસ્સા ભાગ્યે જ જોવા મળે છે. બીજી તરફ, મોટા દેવાદારોની કરોડોની લોન વસૂલ ન થાય ત્યારે મામલો એનસીએલટી સુધી પહોંચે છે, જ્યાં પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સેટલમેન્ટ કરવામાં આવે છે. પરંતુ કુલ લેણાંની સરખામણીએ નજીવી રકમ વસૂલ કરી મોટો હિસ્સો માફ થાય ત્યારે સવાલો ઊઠવા સ્વાભાવિક છે.

બેન્કો ધિરાણ માટે જે નાણાં વાપરે છે તે લોકોની જમા રકમમાંથી આવે છે. તેથી માફ થતી રકમ આખરે લોકોના નાણાં સાથે જોડાયેલી છે. આથી આવા સેટલમેન્ટ અંગે પારદર્શિતા અને જવાબદારીની માંગ યોગ્ય છે. આવનારા દિવસોમાં આ મામલો કયો વળાંક લે છે અને કેટલું લેણું વસૂલ થાય છે તે જોવાનું રહેશે.

**સુરત - હિતેન્દ્ર ભટ્ટ**

## મા બાપ - મોબાઈલ - બાળકો

આપણે હંમેશા કહીએ છીએ કે બાળકો મોબાઈલ પર જ ઘણો સમય વિતાવે છે અને તે માટે બાળકો જ જવાબદાર છે અને તે માટે જરૂરી પગલા લેવાવા જોઈએ. પરંતુ એક અભ્યાસમાં એવું સાબિત થયું છે કે જે મા બાપ પોતે જ મોબાઈલ વધારે વાપરતા હતા તેઓના બાળકોમાં આનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે. બાળકો હંમેશા મોટાઓ નું અનુકરણ કરતા હોય છે ,જે કહીએ તેમ નથી કરતા હોતા. બાળકોની હાજરીમાં જે મા બાપ ફોનનો ઉપયોગ વધારે કરે છે તે બાળકોમાં વિકાસ ઓછો જોવા મળે છે, સ્વાસ્થય તથા સામાજીક વર્તન ઉપર પણ ખરાબ અસર જોવા મળે છે. કુટુંબ પ્રત્યેની ભાવના પણ ઓછી થઈ જાય છે. જે મા બાપ ફોનના ઉપયોગ કરતી વખતે બાળકોના સવાલ પ્રત્યે બેધ્યાન રહે છે અથવા અવગણે છે ત્યારે બાળકો પર ખરાબ માનસિક અસર પડે છે, બાળકોનો વિકાસ અવરોધાય છે , જીજ્ઞાસાવૃત્તિ દ્વારા ખીલતું બાળપણ ઓછું થાય છે. બાળકો સાથે વિતાવવાની અગત્યની પળો મા બાપ ગુમાવે છે. કુટુંબમાં દરેક વ્યક્તિએ જમતી વખતે તથા બેડરૂમમાં મોબાઈલનો ઉપયોગ કરવો નહીં જોઈએ. મોબાઈલના કારણે બાળકો મા બાપથી દૂર થવા નહીં જોઈએ તેને માટે મા બાપે પણ પોતાના મોબાઈલના ઉપયોગ પર ધ્યાન રાખવું પડશે.

**અમેરિકા - ડૉ ચંદ્રેશ જરદોશ**

## શિક્ષકો વગર રાષ્ટ્રનિર્માણ અશક્ય

શિક્ષક દિનની ઉજવણી ચાર દીવાલોની અંદર પૂરી થઈ ગઈ, પરંતુ આજે પણ રાષ્ટ્રનિર્માણના પાયામાં શિક્ષકોની ઘટની ખોટ સ્પષ્ટ દેખાઈ રહી છે. પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં વિદ્યાર્થીઓની સંખ્યા અને જરૂરિયાત મુજબ શિક્ષકોની સંખ્યા હોવી જરૂરી છે. કારણ કે માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરતી વખતે બાળક આશરે 15 વર્ષનું થાય છે અને ત્યારબાદ ત્રણ વર્ષમાં તે મતદાન તથા રોજગાર માટે કાયદાકીય રીતે યોગ્ય બને છે.

UDISE 2024-25 મુજબ ગુજરાતમાં વિવિધ શૈક્ષણિક વિભાગોમાં કુલ 3,89,963 શિક્ષકો કાર્યરત છે. બીજી તરફ, ગુજરાત સરકારે 2024માં વિધાનસભામાં આપેલી માહિતી મુજબ સરકારી પ્રાથમિક શાળાઓમાં મંજૂર 1,92,443 મહેકમ સામે 23,269 જગ્યાઓ ખાલી હતી. જ્યારે સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર 55,753 મહેકમ સામે 15,357 જગ્યાઓ ખાલી હતી. આમ, કુલ મળીને ઓછામાં ઓછી 38,626 શિક્ષકોની જગ્યાઓ ખાલી હતી.

2026માં ધોરણ 1થી 5 માટે 11 હજાર વિદ્યાસહાયકોની ભરતી જાહેર કરવામાં આવી છે, પરંતુ પ્રક્રિયા હજુ પૂર્ણ થઈ નથી. આવા સંજોગોમાં શિક્ષક દિનની ઉજવણી સાથે શિક્ષકોની ઘટ દૂર કરવી વધુ જરૂરી છે.

જ્ઞાન સહાયકો પણ શિક્ષણનું રાષ્ટ્રનિર્માણનું કાર્ય અવિરત કરી રહ્યા છે. તેમના માટે કાયમી ભરતી અંગે સરકારે ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. કારણ કે કોઈપણ રાષ્ટ્રની સીમા તેની શિક્ષણવ્યવસ્થાથી જ મજબૂત બને છે.

**સુરત - હરિશકુમાર ચૌધરી**